ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ઐતિહાસિક : ગુજરાતની ૬ દિકરીઓ ઓલિમ્પિકમાં રમશે

## જાપાનના ટોકિયો ખાતે યોજાનારી ઓલમ્પિક-પેરા ઓલિમ્પિક માટે રાજ્યની ૬ રમત વિરાંગનાઓની પસંદગી છ પૈકી એક દિકરી ગાંધીનગરની પારૂલ પરમાર : મુખ્યમંત્રીએ તમામ રમત વિરાંગનાઓને શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા. ૨

એક સમય હતો જ્યારે ગુજરાતીઓ રમતગમત ક્ષેત્રે આગળ નથી તેવું મ્હેણું સાંભળવું પડતુ હતુ પરંતુ હવે સમય બદલાઈ ચુક્યો છે અને ગુજરાતના રમતવીરો રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝળકી રહ્યાં છે. વળી, માત્ર પુરૂષ ખેલાડીઓ જ નહીં પરંતુ મહિલા ખેલાડીઓ પણ રાજ્યનું નામ રોશન કરવામાં પાછળ નથી. આગામી તા. ૨૩ જુલાઈથી જાપાનના ટોકિયો ખાતે યોજાનારી ઓલિમ્પિક અને પેરા ઓલિમ્પિક રમતોત્સવમાં ગુજરાતની એક-બે નહીં પરંતુ છ દિકરીઓ ભાગ લઈ રહી છે જે ગુજરાતની રમત ગમત ક્ષેત્રે બદલાયેલી તાસીરને દર્શાવી રહી છે. ગુજરાતની સ્થાપનાના ૬૦ વર્ષના ઈતિહાસમાં આ પ્રકારની ઘટના સૌ પ્રથમવાર સર્જાવા પામી છે. આ દિકરીઓમાં એક ગાંધીનગરની પારૂલ પરમાર છે જે પેરા ઓલિમ્પિકમાં બેડમિન્ટનની રમતની બે કેટેગરીમાં ભાગ લઈ રહી છે. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની નારી શક્તિની સ્પોર્ટસ ક્ષેત્રની આ અભૂતપૂર્વ સિદ્ધિ માટે આ છ રમતવિરાંગનાઓને અભિનંદન પાઠવ્યા છે અને ટોક્યો ઓલમ્પિકમાં કૌવત ઝળકાવી અવ્વલ સ્થાન મેળવી ભારત અને ગુજરાતનું નામ રોશન કરવાની શુભેચ્છાઓ પાઠવી છે.






ગુજરાતની છ દીકરીઓ જેમાં માના પટેલ સ્વિમિંગમાં, એલાવેનિલ વાલારિવન શૂટિંગમાં, અંકિતા રૈના ટેનીસમાં, સોનલ પટેલ તથા ભાવિના પટેલ પેરા ટેબલ ટેનિસમાં અને પારૂલ પરમાર પેરા બેડમિન્ટન રમતમાં ટોક્યો ઓલમ્પિક-પેરા ઓલમ્પિક ખાતે વિશ્વના અન્ય દેશના ખેલાડીઓ સાથે સ્પર્ધામાં ઉતરશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ ગૌરવવંતી દિકરીઓને પ્રોત્સાહિત કરતાં કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહાકુંભ જેવા આયોજનોને પ્રેરણા આપીને ગુજરાતના યુવાવર્ગને રમત-ગમત ક્ષેત્રે પ્રેરિત કરવાની સુદિર્ઘ નિતી-રિતી ગુજરાતને આપી છે જેના સુખદ પરિણામો મળી રહ્યા છે. છેલ્લા બે દાયકાથી રમત-ગમત ક્ષેત્રે યુવાનોને પ્રોત્સાહન, સહાય અને તાલીમ આપવાની રાજ્ય સરકારની નીતિનું આ પરિણામ છે.

રાજ્યમાં સ્પોર્ટ્સનું વૈશ્વિકકક્ષાનું માળખું ઉભું કરી ગુજરાતને ઓલમ્પિક સ્પર્ધાઓના આયોજન કરવા સક્ષમ બનાવવાની અને આંતરરાષ્ટ્રીય સ્તરે કોમ્પિટ કરે તેવા રમતવીરો તૈયાર કરવાની સરકારની નેમમાં આ સિદ્ધિ નવું બળ પુરુ પાડશે. અત્રે ઉલ્લેખનિય છે કે ટોક્યો ઓલમ્પિક-૨૦૨૧ રમતો આ વર્ષે તા. ૨૩મી જુલાઈ-૨૦૨૧થી જાપાનના ટોક્યો ખાતે યોજાવાની છે.

# શહેરમાં સતત બીજે દિવસે 'શૂન્ય' કેસ

### ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ નોંધાયો : કલોલના કરોલીમાંથી એક કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં કોરોનાનો એક કેસ નોંધાયો છે. જો કે શહેરમાં આજે સતત બીજે દિવસે એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના કરોલી ગામેથી ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૬૩૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૨૦૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયેલ છે. શહેરમાં હવે ૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં કોરોનાનો રિકવરી રેટ ૯૭ ટકાએ પહોંચ્યો હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કરી સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનું જણાવ્યુ છે.

# ટ્રાફિકની સરળતા માટે સે-૨૧ માર્કેટ તરફ જતા માર્ગને ફોરટ્રેક બનાવાશે

### હાલ સાંકડા માર્ગ પર સામસામે પસાર થતા વાહનોના લીધે રસ્તો બ્લોક થઇ જાય છે : પાર્કીંગમાંથી નિકળતા વાહનચાલકો માટે પણ મુશ્કેલી

ગાંધીનગર તા ૨

શહેરના સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક બનાવવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલ સે-૨૨ માં પણ માર્ગ વચાળે ડિવાઈડર તૈયાર કરવામાં આવ્યુ છે. સે-૨૧ માં પણ માર્કેટ તરફ જવાના સાંકડા માર્ગને ફોરટ્રેક બનાવાશે હાલની સ્થિતિએ આ રસ્તા પર વાહનચાલકો વારંવાર અટવાય છે રોજબરોજ વધતી પાર્કીંગની સમસ્યા વચ્ચે મુલાકાતીઓને શિરદર્દ થાય છે.

શહેરના સેકટરોમાં એપ્રોચ રસ્તાઓને ફોરટ્રેક બનાવવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ અન્વયે હાલ સે-૨૨ માં માર્ગોની વચાળે ડીવાઈડર તૈયાર કરવામાં આવી રહ્યા છે. માર્ગોના વાઈડનીંગ સાથે વચાલે સેન્ટ્રલ વર્જ તૈયાર થઈ રહ્યો છે. સેકટરોમાં પણ વધતી વસતી અને વિકાસની સાથે વાહનોની અવરજવર વધી છે. મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. તેમ સેકટરોમાં એન્ટ્રી એકઝિટ પોઈન્ટ પર વાહનોની અવરવજવર વધી છે. જેના લીધે સેકટરોના એપ્રોચ માર્ગોને પણ ફોરટ્રેક કરવામાં આવી રહ્યા છે. કોર્પોરેશન દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના સે-૨૧ માં પણ એકબાજુ પાર્કીંગનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે બીજીતરફ પાર્કીંગ નિર્માણની યોજના સાથે શાકમાર્કેટ તરફનો માર્ગ પણ ફોરટ્રેક કરવામાં આવશે. હાલ આ વિસ્તારમાં પાર્કીંગના પેચીદા પ્રશ્ન સાથે સાંકડા માર્ગ પર વાહનોની વિશેષ અવરજવર રહેતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. જેના લીધે સિનિયર સિટીઝન્સ તેમજ મુલાકાતીઓએ વધુ હાલાકી વેઠવી પડે છે. એટલુ જ નહીં પરંતુ પાર્કીંગમાંથી સાંકડા માર્ગ પર આવતા વાહનો માટે પણ અવરોધ ઉભા થાય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરને અનુલક્ષી પાર્કીંગ નિર્માણ સાથે માર્કેટ સાથે જોડાયેલા માર્ગને પણ ફોરટ્રેક કરવામાં આવશે.

# શહેરમાં ૨૫૮૨ તાવના દર્દીઓ મેલેરિયાની ટીમે શોધી કાઢ્યા

### શહેરમાં વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે માટે તંત્રએ આ વખતે સઘન સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરી પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાની વ્યુહરચના તૈયાર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાંથી છેલ્લા એક માસમાં ૨૫૮૨ તાવના દર્દીઓ શહેરી મેલેરિયાતંત્રની ટીમે શોધ્યા હતા તેમના લોહીના નમૂના મેળવી તપાસ કરતાં મેલેરિયાનો એક પણ પોઝીટીવ કેસ મળેલ નથી.

મેલેરિયા વિરોધી માસ અંતર્ગત તંત્રની ટીમો દ્વારા ૧,૧૨,૬૧૪ જેટલા ઘરોની તપાસ કરવામાં આવી હતી, જેમાં ૨,૬૪,૦૪૮ પાત્રોની તપાસ કરી હતી.

તંત્રની ટીમોએ ૨૫૪૧ ઘરોમાંથી મચ્છરોના બ્રીડીંગ શોધી કાઢ્યા હતા. આ ઘરોમાં ૩૧૦૫ પાત્રોમાં પોરાનો કેમિકલ પદ્ધતિથી નાશ કરવામાં આવ્યો હતો જ્યારે ૨૧૬૪૦ જેટલા પાત્રોનો સોર્સ રિડક્શન પદ્ધતિથી નાશ કરવામાં આવ્યો હતો.

શેહરી મેલેરિયા તંત્રની ટીમોએ શહેરમાં ચાલતી ૧૩૨ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટની પણ વિઝીટ કરી હતી તેમજ ૬૪ જેટલી ઓફિસોની મુલાકાત લીધી હતી. જીઆઈડીસીના ૪૬૦ જેટલા એકમોમાં પણ તંત્રની ટીમોએ તપાસ હાથ ધરી હોવાનું શહેરના આરોગ્ય અધિકારીએ જણાવ્યુ હતુ.

**શહેરમાં મેલેરિયાના ૩ કેસ નોંધાયા : ૨૫૪૧ ઘરોમાંથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા**

શહેરમાં જો કે હમણાં ૩ જેટલા મેલેરિયાના કેસો મળ્યા છે. તંત્ર દ્વારા મળેલા દર્દીના ઘરની આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સ પણ કર્યુ હતુ.

શહેરમાં વરસાદી પાણી ભરાઈ રહેતા હોય તેવા વિસ્તારોને ઓળખી કાઢ્યા છે અને હવે પછી આ વિસ્તારોમાં એન્ટી લારવેલની કામગીરી માટેનો રોડમેપ પણ તૈયાર કરી દીધો છે. શહેરમાં વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે માટે તંત્રએ આ વખતે સઘન સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરી પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાની વ્યુહરચના તૈયાર કરી છે.



ચોમાસાની વહેલી શરૂઆતે ખેડૂતોને આશા બંધાવી હતી. આકાશમાં દોડાદોડ કરતા વાદળો હમણાં વરસાદ વરસાવશે તેવી એંધાણ આપે છે. ખેડૂતોએ ખેતર ખેડીને તૈયાર રાખ્યા છે માત્ર વરસાદની આશા છે. કેટલાક ખેડૂતોએ તો વાવણી પણ કરી રાખી છે. શહેરમાં આવેલા છૂટાછવાયા ખેતરના ટૂકડાઓમાં ખેડૂતોએ વાવણીની તૈયારીઓ કરી રાખી છે અને હવે આકાશ તરફ મીટ માંડીને બેઠા છે.

# બોરીજમાં ૧૨ સ્થાનો શેરી શિક્ષણનો અભિગમ : ૫૦ ટકાથી વધુ બાળકોની હાજરી

### બોરીજની પ્રા. શાળામાં ધો. ૨ થી ૮ માં ખાનગી શાળા છોડી સરકારી શાળામાં ભણવા આવ્યા છે : શેરી શિક્ષણના અભિગમથી વાલી, શિક્ષક અને વિદ્યાર્થીઓ નજીક આવ્યા, સામાજિક સક્રિયતા શિક્ષણ માટેની વધી : શાળાનું પટાંગણ અને સુવિધાઓ સૌને માટે આકર્ષકનું કેન્દ્ર બની ઉભરી આવ્યુ છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામ બોરીજ જે બક્ષીપંચની તથા શ્રમજીવી પરિવારની વધુ વસ્તી ધરાવતા ગામમાં ૧૨ જેટલા સ્થાનો પર ચાલતા શેરી શિક્ષણે જબરજસ્ત આકર્ષણ જમાવ્યુ છે.

મંદિરના પરિસરમાં ઉછેરેલા વૃક્ષોનો છાંયડો અને ઓટલો હોય કે પછી નવાપુરામાં ઘરનું આંગણું હોય કે પછી ખાંટ સમાજની લગ્નવાડીમાં સવારથી જ બાળકો શિક્ષણ મેળવવા હોંશથી આવે છે.

બોરીજ ગામ આમ તો મુખ્યમંત્રીના બંગલાની બિલકુલ લગોલગ આવેલુ છે અને સરકીટ હાઉસની પાછળ આવેલ તેના પરા નવાપરા સુધી વિસ્તરેલુ છે. આ ગામમાં ૭૩૦ બાળકો પ્રા. શાળામાં અભ્યાસ કરે છે અને તેમાં નોંધાયેલા બાળકોના ૫૦ ટકાથી ૬૦ ટકા જેટલા સરેરાશ બાળકો આ શેરી શિક્ષણના અભિયાનમાં જોડાતા હોય છે.

ધો. ૬ થી ૮ ના બાળકો સવારે અને ધો. ૧ થી ૫ ના બાળકો ૧૧ વાગ્યા પછી અભ્યાસ માટે આવતા હોય છે. શેરી શિક્ષણની કોરોનાકાળમાં શરૂ થયેલી આ નવતર પ્રવૃત્તિએ શિક્ષણ પ્રત્યેની સામાજિક સક્રિયતાને તો મજબુત કરી છે પણ શિક્ષક, વાલી, વિદ્યાર્થીઓ વચ્ચેના અંતરને ઘટાડી દીધુ છે.



બાળકોને અત્યારે તો બ્રિજકોર્ષ અંતર્ગત શિક્ષણ આપવામાં આવે છે પરંતુ તે સમૂહમાં ઘડિયા બોલતા હોય, ટીચર લખાવતા હોય તેનાથી વાતાવરણની મધુરતા વધુ નિખરતી દેખાય છે.

બાળકોને ઈતિહાસ, ગુજરાતી ભણવામાં બહુ મઝા આવે છે. ગણિતમાં થોડીક તકલીફો જરૂર પડે છે પણ ઘડિયા ગાનનો અનેરો આનંદ લેતા હોય છે એમાંય બાજુવાળાએ ખોટુ લખ્યુ હોય તો સાહેબને ઈશારો કરવાની મઝા લેતા બાળકોને જોવાની મઝા અનેરી હોય છે. અંકજ્ઞાનમાં કેટલાક બાળકો નબળા હોય છે તેમજ અક્ષર સુધારણાનો આગ્રહ કરતા શિક્ષકો જે મીઠો ઠપકો બાળકોને આપતા જોઈ વાલીઓ પણ મનમાં હરખાતા હોય છે. માતા પણ બાળક કેવુ ભણે છે તે કામના બહાને બહાર આવી નિરખતી હોય છે.

બોરીજના આ શેરી શિક્ષણમાં શિક્ષકોને બ્લેક બોર્ડની તકલીફ પડતી જોવા મળી હતી. એટલુ જ નહિ એક સાથે ત્રણથી વધુ વર્ગના બાળકોને ભણાવવાનું હોવાથી તેમના પ્રશ્નો અને અભ્યાસક્રમને લઈ સતર્ક રહેવુ પડતુ હોય છે. સતત તૈયાર થઈને બાળકોને ભણાવવામાં આવે છે. અંગ્રેજી-ગણિતમાં બ્લેક બોર્ડ વગર તકલીફ પડે છે.

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદી દિવસોમાં વનતંત્ર ૯ હેકટરમાં નવા ૭૨૦૦ રોપાની વાવણી કરશે

### પ્રિ મોન્સુન વરસાદી ઝાપટાના અંતે ૬ હેકટરમાં વાવેતર કરી દેવાયુ : હવે બાકીના ત્રણ હેકટરમાં પણ ગુલમહોર, ચંદન, લીમડો, સેવન અને દેશી કણજીના રોપાઓની વાવણી કરાશે : ગ્રામવનના નિર્માણ અન્વયે પણ ૮૦૦ દેશી અને કલમી આંબાની રોપણી કરાઇ

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં હરિયાળી વધુ નિખરે તે માટે વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આ અન્વયે વરસાદી દિવસો દરમિયાન શહેરમાં કુલ ૯ હેકટરમાં નવા રોપાઓની વાવણી કરવા માટે આયોજન કરાયુ છે. જે અન્વયે હળવા વરસાદી ઝાપટના અંતે ૬ હેકટરમાં રોપાઓની વાવણી કરી દેવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં મેઘરાજાની પધરામણીના અંતે અન્ય ૩ હેકટરમાં પણ વાવેતર કરવામાં આવશે. શહેરમાં રંગબેરંગી ફુલો નિખરે તે મુજબ વિવિધ પ્રકારના રોપાઓ ઉછેરવામાં આવશે. આ ઉપરાંત ગ્રામવન અંતર્ગત પણ દેશી અને કલમી આંબાની રોપણી કરવામાં આવી છે.

ગાંધીનગરમાં વન વિભાગ દ્વારા નવા રોપાઓની વાવણી શરૂ કરી દેવામાં આવી છે. શહેરના વન આરક્ષિત વિસ્તારમાં ખાલી જગ્યાઓમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. વરસાદી દિવસો પુર્વે દર વર્ષે ઉનાળા દરમિયાન નવા રોપાઓની વાવણી માટે ખાડા ખોદવામાં આવે છે. આ વર્ષે પણ વનતંત્ર દ્વારા નવા રોપાઆની વાવણી માટે આ પ્રકારનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અન્વયે ગાંધીનગર શહેરમાં ૯ હેકટર વિસ્તારમાં રોપાઓની વાવણી કરવામાં આવનાર છે. જયારે અત્યાર સુધી ૬ હેકટરમાં વાવેતર કરી દેવાયુ છે. આગામી વરસાદી દિવસોમાં અન્ય ૩ હેકટરમાં પણ વાવણી કરાશે. નવા રોપાઓની વાવણી અને ઉછેરના અંતે નગરનો નઝારો બદલાશે અલબત્ત રંગબેરંગી ફુલો નિખરશે. વનતંત્ર દ્વારા શહેરમાં પેલ્ટોફાર્મ, ગુલમહોર, ચંદન, લીમડા, સેવન તેમજ દેશી કણજી સહીતના વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ૨ હેકટરમાં પર્યાવરમ વાવેતર પણ કરવામાં આવ્યુ છે. શહેર ઉપરાંત ગ્રામપંચાયતોની આવક માટે પણ ગ્રામવનનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. જે અન્વયે વાસણ ગામમાં ૨ હેકટર વિસ્તારમાં ૮૦૦ રોપાઓની વાવણી કરવામાં આવી છે. જેમાં ૭૦૦ દેશી અને ૧૦૦ કલમી આંબાના રોપાઓની વાવણી કરવામાં આવી છે. વનતંત્ર દ્વારા દરવર્ષે વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આ માટે ખુલ્લી જગ્યાનો સર્વે કરી રોપાઓના ઉછેર માટે આયોજન કરાય છે. પરંતુ શહેરમાં હવે નવા રોપાઓની વાવણીની સંખ્યા ઘટી છે. અલબત્ત વાવણીલાયક જગ્યા પણ પુરતી ઉપલબ્ધ નથી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com